# મધ્યરાત્રીથી સમગ્ર રાજ્યમાં લોકડાઉન અમલી


પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૩ | ૨૪ માર્ચ, ૨૦૨૦, મંગળવાર; ફાગણ વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# શેરબજારમાં હાહાકાર : ૩૯૩૫ પોઈન્ટનું ગાબડું

**સોદાબાજી વેળા જ નિફ્ટીમાં લોઅર સર્કિટ વાગી : સેંસેક્સમાં પણ ૧૦ ટકા લોઅર સર્કિટ વાગતા કારોબાર બંધ**



મુંબઈ, તા.૨૩

શેરબજાર આજે પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગયું હતું. કોરોના વાયરસના ફેલાવવાને રોકવા માટે ભારતમાં લોકડાઉનની સ્થિતિ થયા બાદ શેરબજારમાં હવે સુધારો થઈ રહ્યો નથી. આજે શરૂઆતી કારોબારથી હાહાકાર રહ્યો હતો અને છેલ્લે સુધી ખુબ કફોડી હાલત રહી હતી. સેંસેક્સમાં કારોબાર શરૂ થયા બાદ ૧૦ ટકાની નિચલી સર્કિટ લિમિટ વાગી હતી જેથી ૪૫ મિનિટ સુધી કારોબાર બંધ કરાયો હતો. કારોબાર ફરી શરૂ કરવામાં આવ્યા બાદ પણ વેચવાલી જારી રહી હતી. માત્ર ૧૦ દિવસના ગાળામાં જ ભારતીય બજારમાં કારોબારને રોકવાનો બીજો દાખલો બન્યો છે. અગાઉ ૧૩મી માર્ચના દિવસે નિફ્ટીમાં નિચલી સર્કિટ વાગી હતી. મે ૨૦૦૯ બાદથી પ્રથમ વખત નિફ્ટીમાં ઓપનિંગ કારોબાર દરમિયાન લોઅર સર્કિટ વાગી હતી. આજે કારોબારના અંતે ભારે અંધાધૂંધી રહી હતી અને સેંસેક્સ ૧૩ ટકા અથવા તો ૩૯૩૫ પોઈન્ટ ઘટીનો ૨૫૯૮૧ની નીચી સપાટીએ રહ્યો હતો. તમામ ૩૦ શેર મંદીમાં રહ્યા હતા. નિફ્ટીમાં ૧૧૩૫ પોઈન્ટનો

● અનુસંધાન પાન-૭ પર

# લોકડાઉનની અપીલ છતાંય લાપરવાહી : મોદી લાલઘુમ

**પોતાને અને પોતાના પરિવારને બચાવવા અપીલ લોકડાઉનના નિયમોને કઠોર રીતે પાળવા રાજ્યોને આદેશ**

નવી દિલ્હી, તા. ૨૩

કોરોના વાયરસના કારણે દેશના જુદા જુદા



ભાગોમાં લોકડાઉનની અપીલ હોવા છતાં રવિવારના દિવસે પણ કેટલાક લોકો ગંભીર દેખાયા ન હતા. આ પ્રકારના લોકો એ કામ કરતા દેખાયા હતા જેનાથી બચવા માટેની સલાહ આપવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે લોકોની આ પ્રકારની લાપરવાહીને લઈને નારાજગી વ્યક્ત કરી છે. સાથે સાથે લોકડાઉન સાથે સંબંધિત નિયમોને કઠોર રીતે પાળવા માટે રાજ્યોને સ્પષ્ટ આદેશ આપ્યો હતો. આજે સવારે ટ્વીટર મારફતે મોદીએ નારાજગી વ્યક્ત કરી હતી. મોદીએ ટ્વીટર પર લખ્યુ છે કે કોરોનાને લઈને કરવામાં આવેલા લોકડાઉન વેળા પણ હજુ કેટલાક લોકો એવા છે જે તમામ બાબતોને ગંભીરતા સાથે લઈ રહ્યા નથી.

● અનુસંધાન પાન-૭ પર

# પંજાબ અને મહારાષ્ટ્રમાં કર્ફ્યુ

**કોરોનાને રોકવા વધુ કઠોર નિર્ણયો અમલી : કર્ફ્યુના ભાગરુપે બધા જિલ્લાઓની સરહદો સીલ કરાઈ**

નવીદિલ્હી, તા. ૨૩

કોરોના વાયરસના ફેલાવવાને રોકવા માટે જનતા કર્ફ્યુ બાદ હવે મહારાષ્ટ્ર અને પંજાબમાં વધુ કઠોર નિર્ણય લેવામાં આવ્યા છે જેના ભાગરુપે કર્ફ્યુ લાગૂ કરવાનો નિર્ણય કરાયો છે. અન્ય રાજ્યો પણ આ દિશામાં આગળ વધે તેવી શક્યતા દેખાઈ રહી છે. એક પછી એક રાજ્યો કર્ફ્યુ લાગૂ કરવાની દિશામાં વધી શકે છે. કારણ કે, રાજ્યોમાં લોકો અપેક્ષા કરતા ઓછો સહકાર આપી રહ્યા છે. કર્ફ્યુ હેઠળ તમામ જિલ્લાઓની બોર્ડરને સીલ કરી દેવામાં આવી છે.

# વિશ્વમાં કોરોના બેકાબુ

**કોરોનાથી ૧૯૨ દેશમાં મૃતાંક ઝડપથી વધીને ૧૪૬૮૭ થયો : ઇટાલીમાં મોતનો આંકડો ૫૪૭૬ થયો : એક પછી એક નવા દેશો સકંજામાં : સૌથી અસરગ્રસ્ત દેશોમાં જર્મની, ફ્રાંસ, દક્ષિણ કોરિયા, સ્વિસ પણ સામેલ**

બેઝિંગ,તા. ૨૩

કોરોના વાયરસના કારણે ઈટાલી, ઈરાન, અમેરિકા સહિતના દેશોમાં મોતનો આંકડો અતિઝડપથી વધી રહ્યો છે. તમામ જગ્યા પર કોરોના વાયરસ બેકાબૂ છે. સ્થિતિને કાબૂમાં લેવાના તમામ પ્રયાસો નિષ્ફળ સાબિત થઈ રહ્યા છે. એકબાજુ દુનિયાના ૧૯૨ દેશોમાં કોરોના વાયરસના કારણે ભારે હાહાકાર જારી છે. મોતનો આંકડો અને કેસોની સંખ્યામાં ચિતાજનકરીતે વધારો થઈ રહ્યો છે. કોરોનાના કેસોની સંખ્યા વધીને હવે ૩૩૮૭૨૪ પહોંચી ગઈ છે. આવી જ રીતે મોતનો આંકડો દુનિયાના દેશોમાં વધીને ૧૪૬૮૭ ઉપર પહોંચી ગયો છે. ભારે અંધાધુંધી અને દહેશત વિશ્વના દેશોમાં જારી રહી છે. વિશ્વના દેશોમાં રિક્વર થયેલા લોકોની સંખ્યા હવે ૯૯૦૦૩ થઈ ગઈ છે. આવી જ રીતે ચીનમાં કુલ કેસોની સંખ્યા ૮૧૦૯૩ રહી છે. નવા ૩૯ કેસો સપાટી પર આવ્યા છે. ચીનમાં છેલ્લા ૨૪ કલાકમાં ગંભીર રીતે અસરગ્રસ્ત રહેલા દર્દીઓ પૈકી વધુ નવ દર્દીના મોત થતા મોતનો આંકડો વધીને ૩૨૭૦ સુધી પહોંચી ગયો છે. કોરોના વાયરસનો કાળો કેર દુનિયાના દેશોમાં જારી રહ્યો છે.

કોરોના વાયરસથી ઈટાલીમાં ૫૪૭૬, અમેરિકામાં ૪૫૨ અને ઈરાનમાં ૧૬૮૫ લોકોના મોત થઈ ચુક્યા છે. કેસોની સંખ્યા હજારોમાં છે. ચીન, ઈટાલી, ઈરાન, સ્પેન, અમૌરિકા, ફ્રાન્સ, જર્મની સહિતના દેશો હાલમાં સૌથી પ્રભાવિત વિસ્તારો પૈકી એક તરીકે છે.

**કોરોના વાઈરસને હરાવવા માત્ર લોકડાઉનથી નહીં ચાલેઃ ડબલ્યુએચઓ**

અનેક દેશોએ કોરોનાને ફેલાતો રોકવા માટે લૉકડાઉનની મદદ લીધી છે. લોકોને ઘરોમાં બંધ રહેવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ દરમિયાન લૉકડાઉનને લઈને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના ઈમરજન્સી એક્સપર્ટે જણાવ્યું કે, કોરોના વાઈરસને ખતમ કરવા માટે દેશ કે સમાજને લૉકડાઉન કે બંધ કરવો પુરતું નથી. વાઈરસને ફેલાતો રોકવા અને તેનાથી બચવા માટે સાર્વજનિક સ્વાસ્થ્ય ઉપાયોની આવશ્યક્તા છે.

**ન્યુયોર્કના અગ્રણી ફોક્સ ન્યૂઝ મીડિયાના વધુ બે કર્મચારી કોરોનાથી સંક્રમિત**

ન્યુ યોર્ક સ્થિત અગ્રણી ફોક્સ ન્યૂઝ મીડિયાના ચાર કર્મચારીઓમાં કોરોના વાઈરસના પોઝિટિવ ટેસ્ટ આવ્યા છે. આ સાથે ન્યૂ યોર્ક સ્થિત ઓફિસમાં સંસ્થાના કુલ ચાર કર્મચારી કોરોનાથી સંક્રમિત છે.

**યુએઇએ તમામ પરિવહન સેવા બંધ કરી**

યુએઈએ આગામી બે સપ્તાહ માટે તેની તમામ પરિવહન સેવાઓને રદ કરી દીધી છે ત્યારે સાઉદી અરેબિયાએ પણ કોરોના વાઈરસના ફેલાવાને અટકાવવા માટે કર્ફ્યુ લાદી દીધો છે અને આકરા નિયંત્રણો લાદી દીધા છે.

**બ્રિટન મહારાણીને બીજા મહેલ મોકલાયા**

બકિંઘમ પેલેસના એક શાહી સહાયકમાં કોરોના વાયરસ સંક્રમણની પુષ્ટિ થઈ છે. જ્યારે મહારાણી એલિઝાબેથ દ્વિતીય પોતાના લંડન સ્થિત ઘરે હતાં. મહારાણી (૯૩)ને તકેદારીના ભાગરૂપે ગુરુવારે મહેલથી અનિશ્ચિતકાળ માટે વિન્ડસર પેલેસ મોકલી દેવામાં આવ્યા હતા અને તેમના તમામ પૂર્વ નિર્ધારિત કાર્યક્રમ રદ કરી દેવામાં આવ્યા હતા.

# દેશભરમાં લોકડાઉન : કોરોનાના ૪૬૮ કેસ

**કોરોનાના પોઝિટિવ આવેલા લોકોમાં ૪૨ વિદેશી નાગરિક સામેલ : મૃત્યુઆંક વધીને ૯ : સમગ્ર દેશ એલર્ટ**

નવી દિલ્હી, તા.૨૩

કોરોના વાયરસના કેસોની સંખ્યામાં અતિઝડપથી વધારો થઈ રહ્યો છે. ભારતમાં પણ કેસોની સંખ્યા વધીને હવે ૪૫૫ સુધી પહોંચી ગઈ છે. એકલા મહારાષ્ટ્રમાં કેસોની સંખ્યા વધીને હવે ૮૯ સુધી પહોંચી ગઈ છે. મહારાષ્ટ્ર કોરોનાના કારણે સૌથી વધારે પ્રભાવિત છે. મહારાષ્ટ્રમાં બે લોકોના મોત પણ થયા છે. જ્યારે દેશમાં એકંદરે આઠ લોકોના મોત થયા છે. ૪૧થી વધારે વિદેશી લોકો પણ આમાં સામેલ રહ્યા છે. કેરળમાં કોરોના વાયરસના કેસોની સંખ્યા ૬૭ નોંધાઈ છે. જેમાં સાત વિદેશી લોકો રહેલા છે. રાજસ્થાનમાં કેસોની સંખ્યા ૨૬થી વધારે રહી છે. દેશના ૨૩ રાજ્યો કોરોના વાયરસના સંકજામાં આવી ચુકયા છે. જેમાં ૪૫૫ કેસો થયા છે. મોટા ભાગના રાજ્યોમાં હવે લોકડાઉનની સ્થિતી રહેલી છે. ચાર કેન્દ્રશાસિત પ્રદેશ સહિત ૨૩ રાજ્યો કોરોનાના સકંજામાં આવી ગયા છે. ભારતમાં ૪૨ વિદેશી લોકો પણ કોરોના વાયરસના સકંજામાં આવી ગયા છે. ભારતમાં કોરોના વાયરસને રોકવા માટે વિશ્વના અન્ય દેશોની તુલનામાં વધારે પગલા લેવામાં આવી રહ્યા છે.વિદેશમાં ફસાયેલા ભારતીયોને પણ પરત લાવવામાં આવી રહ્યા છે. ભારતમાં કોરોના વાયરસ થયા બાદ ૨૪ લોકો સ્વસ્થ થઈ ચુક્યા છે. ભારતમાં કોરોનાના કારણે સાત લોકોના મોત થયા છે. કોરોના વાયરસના કેસો વધી રહ્યા છે ત્યારે લેવામાં આવી રહ્યા છે. કોરોના મોજુ સામાન્ય લોકોમાં જોવા મળી




કેન્દ્ર સરકાર અને જુદા જુદા રાજ્યોમાં પણ વિવિધ પગલા કેસોની સંખ્યામાં અવિરત વધારો થઈ રહ્યો છે. ભારતમાં પણ ચિંતાનુ રહ્યુ છે. કોરોના વાયરસના કેસો ભારતમાં પણ હવે વધી રહ્યા છે.

# લોકસભા-રાજ્યસભા અચોક્કસ મુદત માટે સ્થગિત

નવી દિલ્હી, તા. ૨૩

કોરોના વાયરસની દહેશત ચારેબાજુ દેખાઈ રહી છે ત્યારે લોકસભાની બેઠક પણ અચોક્કસ મુદત માટે મોકૂફ કરી દેવામાં આવી છે. બજેટ સત્રની કામગીરી નિર્ધારિત સમય પહેલા પૂર્ણ કરી દેવામાં આવી છે. લોકસભાએ નાણાં બિલને ચર્ચા વગર જ આજે પસાર કરી દીધું હતું. કોરોના વાયરસના પરિણામ સ્વરુપે બજેટ સત્રને વહેલીતકે સ્થગિત કરી દેવામાં આવ્યું છે. બજેટ સત્ર ચોથી એપ્રિલ સુધી ચાલનાર હતી પરંતુ આજે નાણા બિલ પાસ થવાની સાથે જ લોકસભાની કાર્યવાહી અચોક્કસ મુદત માટે સ્થગિત કરી દેવામાં આવી હતી. આ સત્ર દરમિયાન કુલ ૩૧ બિલ પસાર કરવામાં આવ્યા હતા.

# કોરોના વિરુદ્ધ અમે સરકારનાં પગલાંથી સંતુષ્ટ : સુપ્રીમ કોર્ટ

ન્યુ દિલ્હી,તા.૨૩

કોરોના વાયરસને પહોંચી વળવા માટે સરકારે જે સખ્ત પગલા ઉઠાવ્યા છે તેની સુપ્રીમ કોર્ટે પ્રશંસા કરી છે. કોર્ટે માન્યું છે કે સરકાર તમામ જરૂરી પગલા ઉઠાવી રહી છે અને ટીકાકારો પણ પ્રશંસા કરી રહ્યા છે. દેશનાં ચીફ જસ્ટિસે એક કેસની સુનાવણી દરમિયાન કહ્યું કે આખો દેશ એ માની રહ્યો છે કે સરકાર કોરોનાને લઈને તમામ જરૂરી પગલા ઉઠાવી રહી છે. સરકાર ઘણું સારું કામ કરી રહી છે. સુપ્રીમ કોર્ટમાં કોરોનાથી જોડાયેલી એક અરજી પર સુનાવણી દરમિયાન આ વાત કરવામાં આવી.

અરજીમાં માંગ ઉઠી હતી કે કોરોનાને પહોંચી વળવા માટે સરકારને વધારે જરૂરી પગલા ઉઠાવવાનું કહેવામાં આવે. કોવિડ ૧૯ ટેસ્ટ કરનારી લેબને વધારવાની માંગ કરવામાં આવી હતી.

## સ્પેનમાં એક દિવસમાં કોરોનાથી ૩૯૪નાં મોતથી ખળભળાટ

મેડ્રિડ,તા.૨૩

સ્પેનમાં ૨૨ માર્ચને રવિવારે કોરોના વાયરસથી ૩૯૪ લોકોના મોત થયાની સરકારે જાહેરાત કરી છે. ઈટાલી બાદ યુરોપમાં કોરોના વાયરસથી સૌથી વધુ અસરગ્રસ્ત આ દેશમાં મૃતકોની સંખ્યા ૧૭૨૦ થઈ ગઈ છે. શનિવારની તુલનામાં મૃત્યુઆંકમાં ૩૦ ટકાનો વધારો થયો છે.

સ્પેનના સ્વાસ્થ્ય વિભાગના આંકડા અનુસાર કોરોના વાયરસની પુષ્ટિના કેસોની સંખ્યા ૩૬૪૬ વધી છે, અર્થાત ૧૪.૬ ટકાના વધારા સાથે કુલ કેસોની સંખ્યા ૨૮૫૭૨ થઈ ગઈ છે.







